# સુરત શહેરના ટ્રાફિક જામ માટે જવાબદાર કોણ?

ગુજરાતનું સુરત શહેર દેશના સૌથી ઝડપથી વિકસતા ઔદ્યોગિક કેન્દ્રોમાંનું એક છે. ઝડપી શહેરીકરણની સાથે કાપડ અને હીરા ઉદ્યોગોએ સુરતને આર્થિક શક્તિ બનાવી છે પરંતુ તેની શહેરની હવા અને ટ્રાફિક બંને પર પણ ઊંડી અસર પડી છે. સુરત શહેરમાં ખાનગી વાહનોની સંખ્યા ઝડપથી વધી રહી છે તેમ હવા પ્રદૂષિત થઈ રહી છે અને ઠેર ઠેર ટ્રાફિક જામની સમસ્યા પેદા થઈ રહી છે. સુરત શહેરમાં પબ્લિક ટ્રાન્સપોર્ટની સુવિધા અત્યંત કંગાળ હોવાને કારણે લોકોને કામના સ્થળે અવરજવર માટે ખાનગી વાહનો પર આધાર રાખવો પડે છે. વાહન પોર્ટલનો ડેટા દર્શાવે છે કે 22 જૂન 2025 સુધી એકલા સુરત શહેરમાં 29.77 લાખ વાહનો નોંધાયેલાં હતાં, જેમાંથી 19.75 લાખ ટુ-વ્હીલર છે. દર વર્ષે સરેરાશ 30 હજારથી વધુ નવી કાર અને




1.20 લાખથી વધુ મોટરસાયકલ અને સ્કૂટર સુરતના રસ્તાઓ પર આવી રહ્યાં છે. આ જ કારણ છે કે શહેરમાં ટ્રાફિક જામ વધી રહ્યો છે. સુરત શહેરમાં લોકો જેટલી ટ્રિપ્સ કરે છે તેની લગભગ 85% ટ્રિપ્સ ખાનગી વાહનો દ્વારા કરવામાં આવે છે. જેમ જેમ ખાનગી વાહનોની ખરીદી વધે છે તેમ તેમ ટ્રાફિક જામ અને પ્રદૂષણનું પ્રમાણ વધે છે.

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના અંદાજ મુજબ વર્ષ 2024 માં શહેરની વસ્તી લગભગ 75 લાખ પર પહોંચી ગઈ હતી. સુરત શહેરમાં જાહેર પરિવહનના નામે સિટી બસો દોડે છે. સુરત BRTSના પહેલા 10.3 કિ.મી. લાંબા કોરિડોરનું ઉદ્ઘાટન જાન્યુઆરી 2014 માં થયું હતું અને આજ સુધીમાં તે 102 કિ.મી. સુધી વિસ્તર્યું છે. હાલમાં 12 રૂટ પર 166 BRTS બસો દોડી રહી છે અને 44 રૂટ પર 575 સિટી બસો દોડી રહી છે. આ ઉપરાંત, સુરત ઓથોરિટીએ 15 કિ.મી. લાંબો હાઈ મોબિલિટી કોરિડોર પણ બનાવ્યો છે, જે જૂના શહેરી વિસ્તારની આસપાસ રિંગ રોડ પર ચાલે છે અને તેમાં 24 બસ સ્ટેશન અને 12 બસ સ્ટેન્ડ છે. 2004 સુધી સુરત શહેરમાં જાહેર પરિવહન સેવાઓ ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા ચલાવવામાં આવતી હતી. સમય જતાં બસ રૂટની સંખ્યામાં વધારો થયો પરંતુ બસોની ઉપલબ્ધતામાં ભારે ઘટાડો થયો. આખરે, મે 2007માં પરિવહન નિગમે બધી શહેર બસ સેવાઓ બંધ કરી દીધી અને ઓગસ્ટ 2007માં રેઈનબો ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ખાનગી બસ સેવાઓ શરૂ કરવામાં આવી, જે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની દેખરેખ હેઠળ ચોખ્ખા ખર્ચ કરાર હેઠળ કાર્યરત હતી. આ વ્યવસ્થા ઓગસ્ટ 2017 સુધી ચાલુ રહી હતી. પછી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની કંપની સિટીલિંક લિમિટેડને બસ સેવાઓની જવાબદારી સોંપવામાં આવી છે. જોકે, બસો પૂરતી ન હોવાથી લોકો ખાનગી વાહનોનો વધુ ઉપયોગ કરે છે.

એક સર્વેના આધારે કોમ્પ્રીહેન્સિવ મોબિલિટી પ્લાન (CMP) સુરત જણાવે છે કે સુરતની સૌથી મોટી સમસ્યા ટ્રાફિક જામ છે, જેનું મુખ્ય કારણ પબ્લિક ટ્રાન્સપોર્ટની અપૂરતી સુવિધા છે. CMP સ્પષ્ટપણે જણાવે છે કે લોકો દ્વારા કરાતી મુસાફરીમાં શેર કરેલી ઓટો રિક્ષાનો હિસ્સો લગભગ 16% હતો, જ્યારે જાહેર પરિવહનનો હિસ્સો ફક્ત 1.75 ટકા હતો. આ તફાવત દર્શાવે છે કે લોકો માટે પબ્લિક ટ્રાન્સપોર્ટની મર્યાદિત પહોંચ હતી, જેના કારણે લોકો શેર કરેલી ઓટો પસંદ કરતા હતા. સુરત શહેરની પબ્લિક ટ્રાન્સપોર્ટ વ્યવસ્થામાં ગંભીર ખામીઓ છે. જૂના સુરત

**લોકો દ્વારા કરાતી મુસાફરીમાં શેર કરેલી ઓટો (શટલ) રિક્ષાનો હિસ્સો લગભગ 16% હતો, જ્યારે જાહેર પરિવહનનો હિસ્સો ફક્ત 1.75% હતો**

**ટાઈમ લાઈન**
**-સંજય વોરા**

શહેરમાં સિટી બસો દેખાય છે, કેટલાક મુખ્ય વિસ્તારોમાં BRTS ઉપલબ્ધ છે, પરંતુ બસો બહારના ઔદ્યોગિક વિસ્તારોમાં પહોંચતી જ નથી. સુરતના સ્થળાંતરિત કામદારો માટે કામ કરતી સંસ્થા સુરત આજીવિકા બ્યુરોના એક્ઝિક્યુટિવ શરદ જગાડે કહે છે કે સ્થળાંતરિત કામદારોને મુસાફરીમાં ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. કેટલીક મોટી કંપનીઓએ તેમના કામદારોની અવરજવર માટે બસોની વ્યવસ્થા કરી છે, પરંતુ મધ્યમ અને નાના ઉદ્યોગોમાં કામદારો માટે બસોની કોઈ વ્યવસ્થા નથી.

દિશા મૂળ કેરળની છે, પરંતુ સાત વર્ષથી ગુજરાતના સુરતમાં રહે છે. તે પટેલ નગરમાં એક ઓફિસમાં કામ કરે છે. તે ત્યાંથી લગભગ 7 કિલોમીટર દૂર રહે છે. થોડા સમય પહેલાં સુધી તે શટલ ઓટોમાં આવતી હતી. તે તેની ઓફિસ પહોંચવા માટે બે ઓટો બદલતી હતી, પરંતુ તેને ઓફિસ પહોંચવામાં એક કલાક લાગતો હતો અને ઘરે પાછા ફરવામાં લગભગ એટલો જ સમય લાગતો હતો. આવી સ્થિતિમાં તેણે કોઈક રીતે સ્કૂટર ખરીદી લીધું અને સ્કૂટર દ્વારા મુસાફરી શરૂ કરી. તેનો ખર્ચ પણ ઓછો થયો અને સમય પણ બચ્યો. દિશાની જેમ હજારો વર્કરો કામના સ્થળે પહોંચવા માટે લાચારીથી ટુ-વ્હીલર ખરીદી રહ્યા છે. જો પબ્લિક ટ્રાન્સપોર્ટની સારી સુવિધા હોય તો તેમણે ટુ-વ્હીલર ખરીદવા પડે નહીં. સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટીના એસોસિયેટ પ્રોફેસર રુતુલ જોશીએ જણાવ્યું હતું કે જો લોકોને શટલ (શેરિંગ) ઓટોમાં મુસાફરી કરવી પડે અને એક જ માર્ગે બે વાર ઓટો બદલવી પડે તો પણ ભાડું મોટરસાઈકલના દૈનિક ખર્ચ કરતાં વધુ હોય છે.

સુરતમાં લગભગ 1.10 લાખ થ્રી-વ્હીલર દોડી રહ્યાx છે, જેમાંથી 57 હજાર પેટ્રોલ/CNG, 25 હજાર CNG અને 30 હજાર ડીઝલથી ચાલે છે. સુરતમાં પાવરલૂમ કામદારો કાં તો પગપાળા અથવા સાયકલ પર મુસાફરી કરે છે, જ્યારે હીરા ઉદ્યોગના કામદારો મોટરસાયકલ અથવા સ્કૂટર પર મુસાફરી કરે છે. સુરતમાં PM 2.5 નું વાર્ષિક સરેરાશ સ્તર પર માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર માપવામાં આવ્યું છે, જે વિશ્વ આરોગ્ય સંસ્થાની મર્યાદા (5 માઈક્રોગ્રામ) કરતાં દસ ગણું વધારે છે. PM10 નું સ્તર પણ 90 થી 100 માઈક્રોગ્રામ પ્રતિ ઘનમીટર વચ્ચે રહે છે, જ્યારે ઉચિત ધોરણ 60 માઈક્રોગ્રામથી વધુ ન હોવું જોઈએ. વેસુ, માંગરોળ અને વરાછા જેવા વિસ્તારોમાં શિયાળામાં ધુમ્મસ અને ધૂળ એટલી વધી જાય છે કે શ્વાસ લેવામાં પણ તકલીફ પડે છે. જો સુરત શહેરને પ્રદૂષણ અને ટ્રાફિક જામથી મુક્ત કરવું હોય તો સરકારે પબ્લિક ટ્રાન્સપોર્ટનો વિકાસ કરવો પડશે અને લોકોએ પણ પોતાનાં ખાનગી વાહનોનો મોહ છોડીને પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરતાં શીખવું પડશે.

**સુરતમાં થયેલી નર્મપ્રભાત બીજી પ્રભાતફેરીથી અલગ હતી. ગુજરાતી સાહિત્ય અકાદમીના સહયોગથી થયેલી આ પ્રભાતફેરીમાં અકાદમીનું વિશેષ પ્રયાસ હતો કે- આત્મકથા, લાવણી, ગરબી, મહાકાવ્ય, નિબંધ લેખ લખી ચૂકેલા નર્મદે જે પ્રભાતિયાં લખ્યા હતાં તે ગવાયા**

# શહેરના ‘ક્યારેક્ટર’નાં જન્મ દિવસે સુરત બની નર્મદની મૂરત

સુરત અને ગુજરાતીઓ માટે 24 ઓગસ્ટ ખાસ હતી. વરસાદી રવિવાર, ગણેશજીની શોભાયાત્રાઓ સાથેવિશેષ દિવસ હતો. તમારા જ શહેરનું કાયરેક્ટર છઉં કહેતા દાંડિયો પીટનારા ગુજરાતી લેખક, પત્રકાર, સુધારક વીર કવિ નર્મદનો 192મો જન્મ દિવસ ઉજવાયો, અનેક સંસ્થાઓએ આ દિવસે નર્મદને અલગ અલગ રીતે યાદ કરી વધારે યાદગાર બનાવ્યો. જેની શરૂઆત થઈ વહેલી સવારે પ્રભાતફેરીથી. નર્મદના સમકાલીન કવિ દલપતરામનાં અમદાવાદથી આવેલા યુવાનોની સાથે સુરતીઓએ જોડાઈ ચોક વિસ્તારમાં આવેલા ગાંધીબાગમાં નર્મદની પ્રતિમાથી રામસાગર, મંજીરા, નરસિંહ-નર્મદનાં પ્રભાતિયા ગાઈ દિવસની શરૂઆત કરી.



સાહિત્ય માટે કરતું તુલસીપત્ર આર્ટ ફાઉન્ડેશન જે ભજન અને લોકગીતોની જૂની પરંપરાને પ્રભાતફેરી અને અન્ય સાહિત્યની પ્રવૃત્તિ દ્વારા આગળ વધારી રહ્યા છે. અમદાવાદમાં દર મહિને એક રવિવારે તેઓ પ્રભાતફેરી કરે છે. પણ સુરતમાં થયેલી નર્મપ્રભાત બીજી પ્રભાતફેરીથી અલગ હતી. ગુજરાતી સાહિત્ય અકાદમીના સહયોગથી થયેલી આ પ્રભાતફેરીમાં અકાદમીનું વિશેષ પ્રયાસ હતો કે- આત્મકથા, લાવણી, ગરબી, મહાકાવ્ય, નિબંધ લેખ લખી ચૂકેલા નર્મદે જે પ્રભાતિયાં લખ્યા હતા- જાગની જીવડા, ઉઠ ઉઠ વહેલો, ઉઠ બહેની આ પ્રભાતિયામાં સત્ય, કર્મ, મહેનત જેવા ગુણોને જગાડતાં નર્મદના પ્રભાતિયાં ગવાયા. ગાંધીબાગથી શરૂથયેલી આ ફેરી વરસાદ સાથે સરસ્વતીમંદિર, (નર્મદના ઘરે) આવી પહોંચી. જ્યાં એકબીજા સાથે પરિચય કરાયો અને નર્મદે લખેલા જય-જય ગરવી ગુજરાત, નવ કરશો કોઈ શોક રસિકડાં જેવા ગીતો ગાવાયા. સુરતીઓ માટે આ પ્રભાતફેરીનો અનુભવ નવો હશે. જેમ નર્મદે દલપતરામની કવિતાઓમાંથી કવિતા લખવાનું શીખ્યા તેમ સુરતવાસીઓ પણ પ્રભાતફેરીનું આયોજન કરે તો નર્મદને જરૂર ગમશે.



સવારમાં થોડો સૂરજ ભળતા ગાંધીબાગમાં આવેલી નર્મદ પ્રતિમા પાસે ફરી સુરત શહેરની સાહિત્યિક-સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ઉજવણી અને શોભાયાત્રાનું આયોજન થયું હતું. નર્મદ સાહિત્ય સભા ગુજરાતી સાહિત્ય પરિષદ અને ચેમ્બર ઓફ કોમર્સ, અખિલ હિન્દ મહિલા પરિષદ બૃહદ, ગોષ્ઠિ, લાયન્સ કલબ્સ, જીવનભારતી શૈક્ષણિક સંસ્થાન સહીત સવારે 10 વાગ્યે નર્મદની પ્રતિમાને પુષ્પ સમર્પણ કરી શોભાયાત્રા રૂપે ગાંધીબાગથી ચેમ્બરના ‘સમૃદ્ધિ’ભવનમાં જઈને સભા રૂપે પરિવર્તિત થઈ.

**કર્ટનકોલ**
**- કૃણાલ**

આ કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હર્ષદ ત્રિવેદી, ‘પરબ’ના સંપાદક કિરીટ દૂધાત તથા કવિ માધવ રામાનુજ જોડાયા હતા. અતિથી વિશેષ પદે ચેમ્બરના પ્રમુખ નીખીલ મદ્રાસી, ઉપપ્રમુખ અશોક જીરાવાળા સહીત ચેમ્બરના અગ્રણીઓ પણ જોડાયા. આ સમારોહમાં નર્મદ સાહિત્ય સભા દ્વારા નર્મદ ચંદ્રક અને બીજા



પુરસ્કારો આપવામાં આવ્યા હતા. બપોરે વરસાદે વિરામ લેતા ફરી નર્મદ માટેના કાર્યક્રમો ફરી શરુ થયાં. જેમાં સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી તથા કલા અને સેવાકગય કાર્ય કરતી સંસ્થા ‘માનવ -કલરવ’ના ઉપક્રમે પી.ટી.સાયન્સ કોલેજનાં તારામોતી ઓડિટરીયમમાં નર્મદપ્રેમી દર્શકોથી ખીચોખીચ ભરાયેલા સભાગૃહમાં નાટક, સંગીત અને કવિ સંમેલનનાં ત્રિવેણી સંગમને કલાત્મક રીતે સંયોજન કરીને પ્રસ્તુતિ કરવામાં આવી હતી. જેને શ્રોતાઓએ સતત ત્રણ કલાક સુધી અવારનવાર તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.


સુરતની સ્કોપા કોલેજના નાટ્યવિભાગનાં વિદ્યાર્થીઓએ ગિરીશ સોલંકીના દિગ્દર્શન હેઠળ ‘મર્દ નામે નર્મદ’નાટિકાની ભજવણી કરી હતી. જેમાં નર્મદ બનેલા યુવાન કલાકાર ઓમ દેસાઈ સ્વરૂપે જાણે નર્મદ સદેહે મંચ પર જીવંત થયા હતા. અને લોકોને એટલા ગમ્યા કે કલાકારને કાર્યક્રમ પત્યા પછી પણ નર્મદના રૂપમાં રહેવા માટે પ્રેક્ષકોએ ખાસ વિનંતી કરી. કે જેથી નર્મદા સાથે ફોટો પડાવી શકે! કાર્યક્રમના સંચાલક અને નાટ્યલેખક રઈશ મનીઆરની કલમે નર્મદના જીવન અને કવનનો અંતરંગ પરિચય રસિકોને કરાવ્યો હતો. જેમાં સુરતના યુવા પ્રતિભાશાળી ગાયક આદિત્ય નાયકના નિર્દેશનમાં નર્મદે રચેલા ત્રણ ગીતો પ્રસ્તુત થયા હતા. સ્કોપાના વિદ્યાર્થીઓ દ્વારા ‘જય જય ગરવી ગુજરાત’ની જોશભેર રજૂઆત થઈ હતી. જેનું સંચાલન આચાર્યા શીખા સોમૈયા એ કર્યું હતું. કાર્યક્રમમાં કવિસંમેલન પણ ખૂબ સુંદર રીતે ગૂંથી લેવામાં આવ્યું હતું. નામાંકિત કવિ કૃષ્ણ દવે, સુરતનાં જ કવિ કિરણસિંહ ચૌહાણ તથા વડોદરાના કવિ ભરત ભટ્ટ (પવન) અને સંચાલક કવિ રઈશ મનીઆર તરફથી નર્મદ માટે લખેલી રચનાઓ અને કવિઓએ પોતાનાં કાવ્યો તથા ગીત પ્રસ્તુત કર્યા હતા. ત્રણ કલાક સુધી સમગ્ર વાતાવરણ નર્મદમય બની ગયુ હતું. આવતા વર્ષે ફરી આવો કાર્યક્રમ યોજવાની જાહેરાત આયોજકો દ્વારા કરાઈ હતી.

આ પ્રસંગે માનવ કલરવનાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

રાત પડતા સાહિત્ય પરિસદ દ્વારા આયોજિત કાર્યક્રમમાં વીર નર્મદ ‘‘હું આવું છું’’ નાટક દ્વારા સુરત પરફોર્મિંગ આર્ટસ સેન્ટરમાં જાણવા મળ્યા. આ નાટકની પરિકલ્પના અને દિગ્દર્શન વૈભવ દેસાઈએ કર્યું હતું. લેખિકા હતા એષા દાદાવાળા, સંગીત આપ્યું- મેહુલ સુરતી (નર્મદ ધારા) નર્મદ તરીકે મેઘ પંડિત અભિનય કર્યો.

## શબ્દ સાપ્તાહિકી

– અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. ચંચળ આંખવાળી (૩)
૪. પવિત્ર, શીલવાન (૨)
૫. મુખ્ય કે સર્વને લાગુ પડતો હુકમ (૫)
૮. સંપ (૩)
૧૦. પીડા (૩)
૧૧. નાશ પામેલું (૨)
૧૨. કાવ્યો કરવાં ને ગાંવા તે (૪)
૧૪. જમીન ખોદવાનું ઓજાર (૩)
૧૫. પર્વત (૨)
૧૭. આદર (૨)
૧૮. કંટાળેલું (૨)
૧૯. બાઘું, મૂર્ખ (૨)
૨૦. લગ્ન, પરણવું તે (૩)
૨૨. જાણીતું, વાકેફ (૫)
૨૫. દાંતે ઘસવાનો ભૂકો (૨)
૨૬. પવન (૨)
૨૭. સ્થિતિ (૩)
૨૮. સીમા (૨)
૨૯. વાણી, ભાષા, બોલી (૨)
૩૦. એક ગ્રહ (૨)
૩૧. સમાચાર (૩)
૩૩. યંત્રથી ચાલતુ કારખાનું (૨)
૩૫. શહેર, પુર (૩)
૩૭. રોજની આવક (૨)
૩૮. સૂર્ય (૩)
૩૯. મરે નહિ એવું (૩)
૪૧. ધૂન, મસ્તી (૨)
૪૨. શ્વાસ (૨)
૪૩. દુકાન (૩)
૪૪. વશ કરવું તે (૫)
૪૮. દેહ, શરીર (૨)
૪૯. હશે, છો ને (૨)
૫૦. વપરાશ, અગત્ય (૨)
૫૧. નુકસાન (૨)
૫૨. સંદેશ, નિમંત્રણ (૩)
૫૩. હિંમત (૨)
૫૫. સરખી સપાટીનું (૪)
૫૭. એક જાતનું ભૂત (૨)
૫૮. કાચી વયનું (૩)
૫૯. પ્રિયતમ, પતિ (૪)
૬૨. શરીરની ઊંચાઈ (૨)
૬૩. ઘોડો (૩)
૬૪. તપાસ, કરામત (૪)
૬૬. પાણી પીવાની ઈચ્છા (૩)
૬૭. સહેજ, થોડું (૨)
૬૮. દાન આપનાર (૨)
૬૯. એક હિંસક પશુ (૨)
૭૦. પવન (૩)
૭૧. શરીર, દેહ (૨)
૭૨. દુશમન અરિ (૨)
૭૩. એક રાશિ (૩)


**ઊભી ચાવી**

૨. મૂળ કિંમત (૨)
૩. વાચા, બોલી (૨)
૫. મોં, ચહેરો (૩)
૬. એક પૌરાણિક ચમત્કારી પંખી (૨)
૭. ચિંતન (૩)
૮. ખુશ, પ્રસન્ન (૨)
૯. આબરૂ, વિશ્વાસ (૩)
૧૨. બેદરકાર (૩)
૧૩. બાકી બચેલું (૩)
૧૬. ભૂલભરેલું (૩)
૧૭. અપમાન (૪)
૧૮. ઢીલ, વિલંબ (૨)
૨૧. એક પાથરણું (૪)
૨૩. ગણતરી, દાખલો (૩)
૨૪. કથા (૨)
૨૫. કેફ, અભિમાન (૨)
૨૬. વાંચવું તે (૩)
૨૮. નિર્ણય, ઉકેલ (૨)
૩૦. બાણ, તીર (૨)
૩૧. ઠગારું, લુચ્ચું (૨)
૩૨. પ્રથા, રિવાજ (૩)
૩૩. પોષણ માટે જોઈએ તેટલો ખોરાક (૪)
૩૪. રહેવાનું સ્થળ (૨)
૩૬. લીન, ડૂબેલું (૩)
૩૭. રાતની ચોકી માટે ફરવું તે (૨)
૩૯. શૂરવીર, ધીંગું (૪)
૪૦. અવાજ (૨)
૪૧. તંગી, અછત (૨)
૪૨. દયાળુ (૪)
૪૫. એક મીઠી વાની (૨)
૪૬. કૃપા, દયા (૩)
૪૭. એક વાર (૨)
૪૯. આશય, હેતુ (૪)
૫૧. અવસ્થા, સ્થિતિ (૨)
૫૩. હાર અને તોરા, માન (૪)
૫૪. મોટું (૨)
૫૫. સરખું (૨)
૫૬. ગાવાની ઢબ (૩)
૫૭. જિંદગી, જન્મારો (૪)
૫૯. દેવ, દેવીએ આપેલુ વચન (૪)
૬૦. ટેવ, વ્યસન (૨)
૬૧. બટનનું નાકું (૨)
૬૨. સોગન (૩)
૬૪. ઝાડ (૨)
૬૫. દુઃખ (૩)
૬૭. ....... લખવાનું કે (૨)
૬૯. શરીર (૨)

## શબ્દ સાપ્તાહિકી ઉકેલ



## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

